PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/કવા–૦૨/૧૮–૧૯/ 8291-4 તા. 01 SEP 2018

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
યુવરાજસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ,
ગામ: માનસર
તા.હળવદ - 363330
જી.મોરબી

વિષય :–ભાવપત્રક બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૫–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૬/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,ચરાડવા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૬/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગઃ તા. ૨૧–૦૮–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ યુવરાજસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ, ગામઃ માનસર

રજુઆત કરનારઃ અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પિતાશ્રી ઘનશ્યામસિંહ ગોહિલ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,ચરાડવા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)

રજુઆત કરનાર : – બી.જે.વાછાણી નાયબ ઈજનેર પેટા વીભાગીય કચેરી,ચરાડવા

## : હુકમ :

ફરીયાદ : ભાવપત્રક બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ તા.હળવદ ના ગામઃમાનસર ખાતે રહેતા હોય – તેમજ ગામઃ સુંદરગઢ ગામે સર્વે નંબરઃ ૪૮૪ / પૈકી ૧ થી ખેતીની જમીન ધરાવે છે. જે જમીન મા વીજજોડાણ મેળવવા માટે તેઓએ તા.૩૦–૦૯–૧૫ ના રોજ અરજી કરેલ છે. જે બાબતે તેઓને ભાવપત્રક આજદિન સુધી મળેલ નથી. આમ, અરજદારે ભાવપત્રક અને જોડાણ મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી યુવરાજસિંહ ઘનશ્યામભાઈ ગોહિલ,ગામ-સુંદરગઢ ની સંદર્ભિત અરજી માં દર્શાવ્યા મુજબ શ્રી યુવરાજસિંહ ઘનશ્યામભાઈ ગોહિલ,ગામ-સુંદરગઢ વાળા ને તેમના (જુના) સર્વે નં.૪૮૪/પૈકી ૧ ખેતીવાડી વીજ-જોડાણ મેળવવા રજીસ્ટ્રેશન ચાર્જીસ રૂ.૨૦૦-રસીદ નં.૮૨૨૫૪૨ તારીખ.૩૦-૦૯-૨૦૧૫ ની અરજી અનુસંધાને સર્વે થયેલ છે અને અગ્રીમેન્ટ (અંદાજપત્ર) રૂપિયા.૧૪૧૨૦ તા.૨૯-૦૭-૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ હતો. પરંતુ સદર અરજદાર નો ઓફીસ માં હયાત રેકોર્ડ ચકાસણી કરતા.જી.પી.રજીસ્ટર પર ૬૯ ના ક્રમાંક પર નોધણી થયેલ છે.જે મુજબ અંદાજપત્ર આઉટવર્ડ નં.૩૦૮૨ તારીખ.૨૮-૦૭-૨૦૧૬ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ છે.અને જેની ખરાઈ આઉટવર્ડ રજીસ્ટર પરથી કરવામાં આવેલ છે. આમ હયાત રેકોર્ડ ,જી.પી.રજીસ્ટર,આઉટવર્ડ રજીસ્ટર તથા ઈ-ઉર્જા અંદાજપત્ર ની નકલ પરથી એ બાબત સ્પષ્ટ છે કે અરજદાર ને અંદાજપત્ર ઇસ્યુ કરવામાં આવેલ છે.અને સમયમર્યાદા માં ભરપાઈ કરેલ નથી. વિશેષ માં આ અગાઉ અરજદારે પીજીવીસીએલમાં ક્યારેય કોઈપણ જાતની વીજ-જોડાણ ન મળવા અંગેની રજૂઆત કરેલ નથી.જેથી અરજદારની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહી. |

**મુદ્દા નં.–૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | 1. અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, શ્રી યુવરાજસિંહ ઘનશ્યામભાઈ ગોહિલ. દ્વારા ગામ-સુંદરગઢ વાળા ને તેમના (જુના) સર્વે નં.૪૮૪/પૈકી ૧ ખેતીવાડી વીજ-જોડાણ મેળવવા રજીસ્ટ્રેશન ચાર્જીસ રૂ.૨૦૦-રસીદ નં.૮૨૨૫૪૨ તારીખ.30-0૯-૨૦૧૫ ની અરજી કરેલ છે. જેના નિયત અરજી ફોર્મ માં અરજદારે પોતાનુ સરનામુ મુકામ માનસર તા.હળવદ દર્શાવેલ છે.<br>2. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ની અરજી અન્વયે અગ્રતાક્રમ મુજબ – ભાવપત્રક તારીખ.૨૮-૦૭-૨૦૧૬ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ છે.<br>3. સદર ભાવપત્રક પીજીવીસીએલ ના રેકર્ડ આધારીત રજીસ્ટર સીરીયલ નં. – ૩૦૮૨ તારીખ.૨૮-૦૭-૨૦૧૬ ના રોજ થી અરજદાર ને ગામ-સુંદરગઢ ખાતે સામાન્ય યોજના હેઠળ જી.પી. નં.–૬૯ અને ઈ-ઉર્જા એસ.આર.નં.–૭૩૮૧૫૬૯ મુજબ ની નોધણી કરાયેલ છે.<br>4. ઉપરોકત બાબતે અરજદાર ની રજુઆત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે – તેઓ હળવદ તાલુકા ના ગામ:માનસર ખાતે રહેતા હોય – જયારે તેઓની ખેતીની જમીન સુંદરગઢ ગામે સર્વે નંબરઃ ૪૮૪ / પૈકી ૧ થી ખેતીની જમીન ધરાવે છે. જેથી સ્પષ્ટ ફલીત થાય છે કે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મોકલવામા આવેલ ભાવપત્રક ઉપરોકત મુદદા નં. (૨) અને (૩) મુજબ ની વિગતે – અરજદાર ને તેમની ખેતીની જમીન ના ગામ ખાતે માકલાવેલ હોય – જેથી તે અરજદાર ને મળેલ ન હોય તેમ પુરવાર થતુ હોય – અરજદાર ને તેઓની અરજી અન્વયે નવુ ખેતીવાડી વીજજોડાણ બાબતે નુ ભાવપત્રક નિયમાધીન પ્રક્રીયાઓ હેઠળ સત્વરે આપવુ, તેમજ સદર બાબતે ભાવપત્રક મોકલ્યા બાબતે ની જાણકારી અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ મારફત તેમજ ફોન પર જણાવવુ. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.<br>5. વધુમા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – જે તે સમયે અરજદાર ની અરજી ના જ સરનામે ભાવપત્રક મોકલાવેલ હોત તો સદર ફરીયાદ ઉપસ્થિત થાત નહી. જેથી સદર બાબતે નુ ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે – ખાસ તાકીદ સાથે ની જાણકારી સબંધક વિભાગીય કચેરી હેઠળ ના તમામ સક્ષમ અધિકારીને સુચના આપવા બાબતે ની જાણકારી આપવામા આવે છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૪) અને (૫) મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં 30 દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.